દાખલ તારીખ : ૦૧–૦૬–૨૦૨૬
રજીસ્ટરે લીધા તારીખ : ૦૧–૦૬–૨૦૨૬
નિકાલ તારીખ : ૦૯–૦૬–૨૦૨૬
**સમયગાળો: વર્ષ– ૦૦ માસ– ૦૦ દિવસ– ૦૮**

सत्यमेव जयते

**<u>મોરબી જીલ્લાના અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુ. મોરબી.</u>**

**ફો.પ.અ.નં.૮૩૧/૨૦૨૬**
**આંક–**

**૧. પારસભાઇ રસીકભાઇ નંદાણીયા**
ઉ.વ.:–૨૧, ધંધો:–ડ્રાઇવીંગ,
રહે.હુડકો ચોકડી, રણુજા મંદીરની બાજુમાં,
ભરતભાઇ બંધીયાના મકાનમાં, મુ.કલાણા
તા.ધોરાજી, જી.રાજકોટ
**૨. વિશાલ મગનભાઇ ધોડકીયા**
ઉ.વ.:–૨૨, ધંધો:–મજુરી,
રહે.મુ.રાજવડલા, તા.જસદણ, જી.રાજકોટ
**૩. અનીલભાઇ રસીકભાઇ ધોડકીયા**
ઉ.વ.:–૨૦, ધંધો:–મજુરી,
રહે.મુ.રાજવડલા, તા.જસદણ, જી.રાજકોટ
**૪. આદિત્યાકુમાર કંદરપાકુમાર ઉડીયા**
ઉ.વ.:–૧૯, ધંધો:–ઓડીશા,
રહે.વિશ્વાપાર્ટી પ્લોટની બાજુમાં, મુંજકા,
રાજકોટ
મુ.ઉડીયામુડા, જી.તીતલાગઢ, ઓડીશા **અરજદાર**

**–વિરુધ્ધ –**

**શ્રી ગુજરાત સરકાર,**
મારફતે : વિ.પી.પી.શ્રી,
મોરબી. **સામાવાળા**

---

**બાબત:– વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં.૧૧૧૮૯ ૦૦૮૨૬૦૩૧૨/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ–૨૮૮, ૧૧૦, વિસ્ફોટક અધિનીયમની કલમ–૯(બી)(૧)(બી) તથા વીસ્ફોટક પદાર્થ અધીનીયમની કલમ–૪ તથા ૬ મુજબના ગુનાના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી**

---

**વકીલશ્રીઓ :- અરજદાર તરફે વિ.વ.શ્રી વી.કે.વરસડા**
**સામાવાળા તરફે વિ.એડી.પી.પી.શ્રી એન.ડી.કારીયા**

---

**-: ઠરાવ :-**

૧. અરજદારો દ્વારા હાલની આ જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે અરજીમાં જણાવેલ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં.૧૧૧૮૯૦૦૮૨૬ ૦૩૧૨/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ-૨૮૮, ૧૧૦, વિસ્ફોટક અધિનીયમની કલમ-૯(બી)(૧)(બી) તથા વીસ્ફોટક પદાર્થ અધીનીયમની કલમ-૪ તથા ૬ મુજબના શીક્ષાને પાત્ર ગુના અન્વયે રેગ્યુલર જામીન મેળવવાની હાલની અરજી દાખલ કરેલ છે.

૨. આ કામે અરજદારોના વિધ્વાન વકીલ શ્રી વી.કે.વરસડા દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદારો સામે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં.૧૧૧૮૯૦૦૮૨૬ ૦૩૧૨/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ-૨૮૮, ૧૧૦, વિસ્ફોટક અધિનીયમની કલમ-૯(બી)(૧)(બી) તથા વીસ્ફોટક પદાર્થ અધીનીયમની કલમ-૪ તથા ૬ ના ગુન્હા અંગેના કોઈ તત્વો ફલિત થતા નથી. આ કામના અરજદારે કોઇ ગુનો કરેલ નથી. હાલના ગુનાના કામે અરજદારોને તા.૨૯-૦૫-૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ છે અને નામદાર નીચેની કોર્ટમાં રજુ કરતા ત્યારથી જયુડીશ્યલ કસ્ટડીમાં છે. હાલના કામની એફ.આઇ.આર. જોવામાં આવે તો બનાવ સ્થળે અરજદારની હાજરી નથી. અરજદારોએ બનાવ વાળી જગ્યાએ કોઇ બ્લાસ્ટ કરેલ નથી કે કરવાની તૈયારી કરેલ નથી. અરજદારો પાસેથી જીલેટીન સ્ટીક તથા ઇલેકટ્રોનીક ડીટોનેટર ડીટી એચ વાયર પણ કબજે કરવામાં આવેલ નથી. અરજદારો હાલના બનાવ વીશે કઇ જાણતા નથી. અરજદારોનો કોઇ ગુનાહિત ઇતીહાસ નથી. અરજદાર તદન નિર્દોષ છે. અરજદારો કુટુંબ કબીલા વાળા માણસો છે. અરજદારો વિરૂધ્ધ રાગદ્વેષ રાખી અને ખોટી ફરીયાદ

આપી હાલના ગુન્હાના કામે ખોટી રીતે સાંકળી દીધેલ છે. અરજદારોને જામીન પર મુકત કરવામાં આવશે તો નામદાર કોર્ટ દ્વારા જે જે શરતો ફરમાવવામાં આવશે તે તમામ શરતોનું અરજદાર ચુસ્તપણે પાલન કરવાની ખાત્રી આપે છે જેથી હાલની અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, સદરહું ગુનાના કામે અન્ય સહઆરોપીઓને નામદાર કોર્ટે જામીન મુકત કરેલ હોય જેથી હાલના અરજદાર/આરોપીઓનો રોલ અને જામીન મુકત થયેલ સહ આરોપીઓનો રોલ જોતાં હાલના અરજદાર/આરોપીઓને પેરીટીના સિધ્ધાંતનો લાભ મળવાપાત્ર હોય જેથી હાલની જામીન અરજી મંજુર કરવા વિનંતી છે.

3. અરજી સામે વાંધો ઉઠાવી વિદ્વાન મદદનીષ સરકારી વકિલશ્રી એન.ડી.કારીયા દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદારોએ સહઆરોપી રમેશભાઇ બાવાજીના કહેવાથી અરજદાર/આરોપી નં.૧ બોલેરો કાર રજી. નં.જી.જે.–૦૩–બી.વાય. –૯૯૩૩ વાળીમાં ડ્રાઈવર તરીકે આવી બોલેરો ગાડીમાં ગેરકાયદેસર એકસ્પલોજીવનો જથ્થો લાવેલ હોય તથા અરજદાર/આરોપી નં.૨ થી ૪ નાઓ મજુરી કામ અર્થે સાથે આવી મુખ્ય આરોપીઓના કહેવાથ સહઆરોપીઓ સાથે મળી વાંકાનેર તાલુકાના સતાપર ગામની સીમના સર્વે નં.૧૧૧ પૈકી ૧૨ ની જમીનમાં SOIAR ECO PRIMEX SLURRY EXPLOSIVES DANGER EXPOSIVES 1.1D/83 1MM*2.78KG ની જીલેટીન એકસ્પ્લોઝીવ રાહદારી માણસો માલધારીઓની તથા પોતાની તથા પાલતુ પશુઓની જીંદગી જોખમાય તે રીતે તેમજ આ રીતે એકસ્પ્લોજીવ બ્લાસ્ટ કરવાથી એકસ્પ્લોજીવ બ્લાસ્ટ કરવાથી રાહદારીઓ તથા આજુબાજુમાં માલઢોર ચલાવતા માલધારીઓના તથા પાલતુ પશુઓના મોત થઇ શકે તે હકીકત આરોપીઓ જાણતા હોવા છતાં કોઇપણ જાતની મંજુરી વગર સરકારી

ખરાબામાં કોઈ જાતની તકેદારી રાખ્યા વગર બ્લાસ્ટ કરી પથ્થર કાઢવા સારુ ૯૮ જેટલા ગેરકાયદેસર બોર કરી તેમાં ૨૩ બોલમાં જીલેટીન એકસ્પ્લોઝીવ ગોઠવી બ્લાસ્ટ કરવાની તેયારી કરતા જીલેટીન સ્ટીક નં.૪૭૫ કુલ કિ.રૂા.૧,૦૫,૪૫૦/- નો ગેરકાયદેસર રીતે રાખી ગુનો કરેલ છે. અરજદારો વિરૂધ્ધ પ્રથમ દર્શનિય કેસ છે. આ કામના અરજદારોએ સક્રિય ભુમિકા ભજવેલ છે. આ કામના આરોપીઓ સદરહુ ગુનાહિત કૃત્યમાં સીધી રીતે સંડોવાયેલ છે હાલની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

૪. આ કામમાં રજુ થયેલ પેપર્સનો તલસ્પર્શી અભ્યાસ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી સામે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં.૧૧૧૮૯૦૦૮૨૬૦૩૧૨/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ-૨૮૮, ૧૧૦, વિસ્ફોટક અધિનીયમની કલમ-૯(બી)(૧)(બી) તથા વીસ્ફોટક પદાર્થ અધીનીયમની કલમ-૪ તથા ૬ ના શિક્ષા પાત્ર ગુનાઓ અંગેના આક્ષેપો વાળી ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. આ કામે મુદામાલ જીલેટીન સ્ટીક નં.૪૭૫ કુલ કિ. રૂા.૧,૦૫,૪૫૦/- કબજે થઇ ગયેલ છે અને અરજદાર સામેની મોટાભાગની તપાસ પુર્ણ થઇ ગયેલ છે. વળી, અરજદારોએ સહઆરોપી રમેશભાઇના કહેવાથી અરજદાર/આરોપી નં.૧ બોલેરો કાર રજી. નં.જી.જે.-૦૩-બી.વાય.-૯૯૩૩ વાળીમાં ડ્રાઇવર તરીકે આવી બોલેરો ગાડીમાં ગેરકાયદેસર એકસ્પલોજીવનો જથ્થો લાવેલ હોય તથા અરજદાર/આરોપી નં.૨ થી ૪ નાઓ મજુરી કામ અર્થે સાથે આવી મુખ્ય આરોપીઓના કહેવાથી સહઆરોપીઓ સાથે મળી વાંકાનેર તાલુકાના સતાપર ગામની સીમના સર્વે નં.૧૧૧ પૈકી ૧૨ ની જમીનમાં SOIAR ECO PRIMEX SLURRY EXPLOSIVES DANGER EXPOSIVES 1.1D/83 1MM*2.78KG ની જીલેટીન એકસ્પ્લોઝીવ રાહદારી માણસો માલધારીઓની તથા

પોતાની તથા પાલતુ પશુઓની જીંદગી જોખમાય તે રીતે તેમજ આ રીતે એકસ્પ્લોજીવ બ્લાસ્ટ કરવાથી એકસ્પ્લોજીવ બ્લાસ્ટ કરવાથી રાહદારીઓ તથા આજુબાજુમાં માલઢોર ચલાવતા માલધારીઓના તથા પાલતુ પશુઓના મોત થઈ શકે તે હકીકત આરોપીઓ જાણતા હોવા છતાં કોઈપણ જાતની મંજુરી વગર સરકારી ખરાબામાં કોઇ જાતની તકેદારી રાખ્યા વગર બ્લાસ્ટ કરી પથ્થર કાઢવા સારુ ૯૮ જેટલા ગેરકાયદેસર બોર કરી તેમાં ૨૩ બોલમાં જીલેટીન એકસ્પ્લોઝીવ ગોઠવી બ્લાસ્ટ કરવાની તેયારી કરતા જીલેટીન સ્ટીક નં.૪૭૫ કુલ કિ.રૂા.૧,૦૫,૪૫૦/– નો ગેરકાયદેસર રીતે રાખેલ હોય તે બાબત પુરાવો નોંધ્યા બાદ જ નકકી થઈ શકે તેમ છે. હાલના ગુનાના કામે મોટા ભાગની તપાસ પુર્ણ થઈ ગયેલ છે. વધુમાં, તપાસ માટે અરજદારની વધુ કસ્ટોડિયલ હાજરી આવશ્યક હોવાનું કોઈ વિશેષ કારણ રેકોર્ડ પર રજૂ થયેલ નથી. હાલના અરજદાર/આરોપી રાજકોટ જીલ્લાના સ્થાનિક રહેવાસી છે, અરજદારો ડ્રાઈવીંગ તથા મજુરી કરે છે અને પરિવારનો મુખ્ય આવક સ્ત્રોત છે. લાંબા સમય સુધી કસ્ટડીમાં રાખવામાં આવે તો તેને પ્રી–ટ્રાયલ પનિશમેન્ટ થાય તેમ છે. આરોપીઓ તરફથી તપાસમાં સંપૂર્ણ સહકાર આપવાની તથા કોર્ટ દ્વારા ફરમાવાતી તમામ શરતોનું પાલન કરવાની ખાતરી આપવામાં આવેલ છે. હાલના તબક્કે અરજદાર પાસેથી વધુ કોઈ રીકવરી કે ડિસ્કરી બાકી હોવાનું જણાતું નથી. વધુમાં અરજદારો દ્વારા ખાતરી આપવામાં આવે છે કે તે કોઈ પણ રીતે ફરિયાદી અથવા અન્ય સાહેદોને તોડવા ફોડવાનો પ્રયાસ નહીં કરે અને પુરાવાઓ સાથે ચેડાં નહીં કરે તેમજ નામદાર કોર્ટ દ્વારા જે જે શરતો ફરમાવવામાં આવશે તેનું ચુસ્તપણે પાલન કરશે તેમજ તપાસમાં પણ પુરતો સાથ સહકાર આપશે. અરજદારોનો કોઇ ગુનાહિત ઈતીહાસ નથી. અરજદારોને હાલ ના કામની ટ્રાયલ પુર્ણ ન થાય ત્યાં સુધી વાંકાનેર તાલુકાના તરકીયા

ગામની હદમાં અરજદારોએ કે તેમના કોઈ માણસો પ્રવેશ કરવો કરાવવો નહી તેવી શરતે હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી હોવાનું આ અદાલતનું માનવું છે. આમ, અરજદારને યોગ્ય શરતોને આધીન જામીન પર મુકત કરવાપાત્ર જણાય આવે છે.

**<u>-::હુકમ::-</u>**

૧. અરજદાર/આરોપી નં. **૧. પારસભાઈ રસીકભાઈ નંદાણીયા** ઉ.વ.:-૨૧, ધંધો:-ડ્રાઈવીંગ, રહે.હુડકો ચોકડી, રણુજા મંદીરની બાજુમાં, ભરતભાઈ બંધીયાના મકાનમાં, મુ.કલાણા તા.ધોરાજી, જી.રાજકોટ, અરજદાર/આરોપી નં.**૨. વિશાલ મગનભાઈ ધોડકીયા** ઉ.વ.:-૨૨, ધંધો:-મજુરી, રહે.મુ.રાજવડલા, તા.જસદણ, જી.રાજકોટ, અરજદાર/આરોપી નં. **૩. અનીલભાઈ રસીકભાઈ ધોડકીયા** ઉ.વ.:-૨૦, ધંધો:-મજુરી, રહે.મુ.રાજવડલા, તા.જસદણ, જી.રાજકોટ તથા અરજદાર/આરોપી નં. **૪. આદિત્યાકુમાર કંદરપાકુમાર ઉડીયા** ઉ.વ.:-૧૯, ધંધો:-ઓડીશા, રહે.વિશ્વાપાર્ટી પ્લોટની બાજુમાં, મુંજકા, રાજકોટ મુ.ઉડીયામુડા, જી.તીતલાગઢ, ઓડીશા વાળાએ પ્રત્યેકે રૂા.૨૫,૦૦૦/- (અંકે પચ્ચીસ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલીજ રકમના જાતમુચરકા નીચેની અદાલતમાં કરી આપ્યેથી વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં.૧૧૧૮૯૦૦ ૮૨૬૦૩૧૨/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ-૨૮૮, ૧૧૦, વિસ્ફોટક અધિનીયમની કલમ-૯(બી)(૧)(બી) તથા વીસ્ફોટક પદાર્થ અધીનીયમની કલમ-૪ તથા ૬ મુજબના ગુનાના કામે, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ મુજબ તેમને નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો:-</u>**

૧. અરજદારોએ તેમની સામે ચાલતા કેસની ટ્રાયલ દરમ્યાન નિયમિત

પણે કોર્ટમાં હાજર રહેવું.

૨. અરજદારોએ ફરીયાદપક્ષના સાહેદોને ધાક ધમકી, લાલચ, પ્રલોભન આપવા–અપાવવા નહી કે ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી.

૩. અરજદારોએ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી આ કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

૪. અરજદારોએ પોતાના હાલના રહેઠાણનું સરનામું તથા કાયમી રહેઠાણના સરનામા, મોબાઈલ નંબર અંગેની વિગત જામીન આપતી વખતે રજુ કરવી તથા તેમાં કોઈ ફેરફાર થાય તો તેની લેખીતમાં જાણ સંબધીત કોર્ટને કરવી.

૫. અરજદારો જો પાસપોર્ટ ધરાવતાં હોય તો તે જામીન મુકત થયા બાદ દિન–૭(સાત) માં ટ્રાયલકોર્ટ સમક્ષ જમા કરવાનો રહેશે અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

૬. અરજદારોને તપાસ કરનાર અમલદાર જયાં અને જયારે બોલાવે ત્યારે ત્યાં અને ત્યારે હાજર રહી ગુન્હાની તપાસમાં સંપુર્ણ સહકાર આપવાનો રહેશે.

૭. આ ગુનાની ટ્રાયલ પુર્ણ ન થાય ત્યાં સુધી વાંકાનેર તાલુકાના તરકીયા ગામની હદમાં અરજદારોએ કે તેમના માણસોએ પ્રવેશ કરવો/કરાવવો નહી.

૮. અરજદારોએ ચાર્જશીટ ન થાય ત્યાં સુધી દર મહીને ૧ લી અને ૧૫ મી તારીખે તપાસ કરનાર અમલદાર સમક્ષ હાજરી પુરાવવી.

➢ ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો અરજદાર ભંગ કરશે તો, જામીન અંગે કરેલો હુકમ રદ ગણવામાં આવશે.

➢ આ હુકમની જાણ સબંધીત કોર્ટ તથા સબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આ હુકમ આજરોજ તારીખ : ૦૯ મી, માહે :જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :– મોરબી
તા.૦૯/૦૬/૨૦૨૬

**(કમલ રસીકલાલ પંડયા)**
બીજા અધિક સેસન્સ જજ, મોરબી
(કોડ નં.જીજે૦૦૭૩૯)

//NDB//